# બેંક દ્વારા સ્માર્ટ કાર્ડનું વિતરણ

ડી બી ઓ ડી.નં.એફ એસ સી.બી સી. 88 /24.01.011એ/2001-02

11 એપ્રિલ, 2002

બધી શેડયૂઅલ કોમર્શિયલ બેંકો
(આર આર બી સિવાય)

સાહેબશ્રી,

બેંક દ્વારા સ્માર્ટ કાર્ડનું વિતરણ

તા. 12 નવેમ્બર 1999 (પરિશિષ્ટ I આઇટમ 3 - ગ્રાહકની લાયકાત) સકર્યુલર ડી બી ઓ ડી.નં.એફ એસ સી.બી સી.123/24.01.019/ 99-2000 મા નિર્દેશિત સૂચનો પ્રમાણે બેંકને તેના સારી છાપ દાવતા અને છેલ્લા છ મહિનાથી ખાતાની સંતોષકારક જાળવણી કરતા ગ્રાહકોને સ્માર્ટ / ડેબિટ કાર્ડનું વિતરણ કરવા સૂચવે છે.

2. ફેરવિચારણા દ્વારા એવો નિર્ણય લેવાયો છે કે, બેંક સમાર્ટ કાર્ડ (ઓન લાઇન અને ઓફ લાઇન બંને) તેના સધ્ધર ચુનંદા ગ્રાહકોને આપી શકે છે પછી તેનું ખાતું ભલે છ મહિનાથી ઓછા સમયગાળાનું હોય, પંરતુ તેની યોગ્ય જાળવણી થતી હોય. આ માટે બેંક 21 જુન 1999 ના સકર્યુલ નં.ડી બી એસ.એફ જી વી.બી સી.56/23.04.001/98-99 ના ફકરા 9.2 નો લાર્જ વેલ્યૂ બેંક ફેકસનો સ્ટડી ગ્રુપનો રિપોર્ટનો 'નો યોર કસ્ટમર' (ગ્રાહકોને જાણો) સંદર્ભ અમલમાં મૂકી શકે. જો કો બેંક ઓફલાઇન મોડથી ઉપયોગમાં લેવાતા ડેબિટ કાર્ડની સુવિધા છ મહિનાથી સંતોષકારક ચાલતા ખાતાના ધારકોને જ આપશે.

3. સૂચનોના મેન્યૂઅલ ભાગ-1 વિભાગ II (30 જૂન, 2000 સુધી અપડેટેડ) ના 15 માં ચેપ્ટરના ફકરા 15.11 પરિશિષ્ટ - 1 માંથી આઇટમ 3 ને કાઢી સાથે જોડેલી સ્લિપ મુજબ સુધારોકરવો.

4. રસીદ જોડવા વિનંતી.

આપનો વિશ્વાસુ,

(સી.આર. મુરલીધરન)
મૂખ્ય મહાપ્રબંધક

સ્લિપ

[ મેન્યૂઅલ ઓફ ઇન્સ્ટકશન્સ- ડી બી ઓ ડી, ડી બી એસ અને આઈ ઇ સી ડી-એફ એસ સી.બી સી 88 of 2002]

પરિશિષ્ટ I
(ફકરો 15.11)

3. ગ્રોહકોની લાયકાત

બેંક તેના પસંદ કરેલા સધ્ધર ગ્રાહકોને સ્માર્ટ કાર્ડ આપી શકશે પછી તે છ મહિના કરતા ઓછા સમયથી ભલે ખુલેલું હોય. આ માટે 21 જૂન 1999 ના પરિપત્ર ક્રમાંક ડી બી એસ. એફ જી વી.બી સી.56/23.04.001/98-99 ના ફકરા 9.2 ના મોટી રકમના બેંકના છેતરામણી સ્ટડી ગ્રુપના રિપોર્ટ આધારે તમારા ગ્રાહકને ઓળખો સંદર્ભના અમલની ખાતરી આપવાની રહેશે. ઓફ લાઇન મોડ ઓપરેશન ડેબિટ કાર્ડ માટે છ મહિનાના સમયગાળાની શરત લાગુ પાડવામાં આવશે. સ્માર્ટ કાર્ડ / ડેબિટ કાર્ડની સુવિધા બેંક તેના વ્યક્તિગત ગ્રાહકો, કોર્પોરેટ બોડિઝ અને પેઢીને તેના બચત ખાતા / ચાલુ ખાતા / ફિકસ ડિપોઝીટ એકાઉન્ટ પર, જેની પ્રવાહિતાના પાયા પર જાળવણી થતી હોય, તેને આપી શકશે. સ્માર્ટ કાર્ડ / ડેબિટ કાર્ડની સુવિધા કેશ ક્રેડિટ / લોન એકાઉન્ટ ધારકો માટે નથી. જોકે, બેંક ઓન લાઇન ડેબિટ કાર્ડ, વ્યકિતગત લોન ખાતા સામે આપશે, જયાં ચેક મારફત જ વ્યવહારોની મંજૂરી અપાશે.